| | |
|---|---|
| દાખલ થયા તા . | ૨૩/૦૭/૨૦૨૧ |
| રજુ કર્યા તા. | ૨૩/૦૭/૨૦૨૧ |
| ફેંસલ કર્યા તા. | ૨૬/૦૬/૨૦૨૨ |
| સમય મર્યાદા | વર્ષ- માસ- દિવસ- |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. :- ૮૫૯૧૪/૨૦૨૧**

ફરીયાદી :- સરકાર

વિરુધ્ધ.

આરોપી :- (૧) સતિષ ઉર્ફે શાકો હરગોવનદાસ હરજાણી ઉ.વ. ૩૩ ,
રહે. મ.નં. ૧૪૪ મુખી માયારામની ગલી, પ્રકાશ ગલીની પાછળ,
ઠકકરનગર અમદાવાદ

(૨) હરીશ હરગોવનદાસ હરજાણી ઉ.વ. ૩૨
રહે. મ.નં. ૧૪૪ મુખી માયારામની ગલી, પ્રકાશ ગલીની પાછળ,
ઠકકરનગર, અમદાવાદ

(૩) ગોવિંદ વાસુદેવભાઈ ભલજુમલ લોહાણાઉ.વ. ૨૪
રહે. મ.નં. ૪૯ નિલંકઠ , રો હાઉસ પાશ્વનાથ ટાઉન શીપ કૃષ્ણનગર,
અમદાવાદ

(૪) હર્ષ જવાહરલાલ હેમનદાસ લાલવાણી ઉ.વ.૨૧
રહે. મ.નં. ૦૧ ,ઝુલેલાલા પાર્ક ડાયમંડ ફલેટની પાછળ ઠકકરનગર,
અમદાવાદ

(૫) હરિશ હેમનદાસ લકવાણી ઉ.વ. ૫૭
રહે. મ.નં. ૦૧૯૯/૪ શિવશંકર ગલી ઠકકરનગર, અમદાવાદ

(૬) પદમાબેન વાસુદેવભાઈ મગનાની ઉ.વ. ૪૨
રહે. મ.નં. ૮૧/૧, કવર ગલી, ઠકકરનગર , અમદાવાદ

**ગુન્હો:-ધી જુગાર પ્રતિબંધક ધારાની કલમ- ૪,૫ મુજબ.**

**ફરીયાદી તરફે : વિ. વ.શ્રી એમ.એમ. મેકવાન**

| આરોપી તરફે : વિ. વ. ----- |
|---|

| જજમેન્ટ |
|---|

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે** આ કામના આરોપી એ તા. ૦૩/૦૬/૨૦૨૧ ના રાતના કલાક ૨૨:૫૦ વાગ્યાના સુમારે ઠકકરનગર કવર ગલી ખાતે ગ્ર ઉન્ડ ફલોર મ.ન. ૮૧/૧ ની અંદર આરોપી નં. ૬ પદમાબેન વાસુદેવભાઈ મગનાની નાઓ પોતાના કબજા ભોગવટા વાળા મકાનમાં છેલ્લા ત્રણ વિદસથી પોતાના મકાનમાં આરોપી ઓને પૈસા પાના થી નાણાની હાર જીત નો જુગાર રમવા માટે રોજના રૂપિયા ૧ ,૦૦૦/- મકાન નું ભાડું લઈ જગ્યા આપી તમામ આરોપીઓ ભેગા મળી પોત પોતાના અંગત આર્થિક ફાયદા સારું જુગાર રમી રમાડતા અંગઝડતી ના રોકડા નાણ્રા રૂ. ૮,૬૨૦/- તથા દાવ ઉપરથી મળેલ નાણા રૂ. ૧,૭૦૦/- મળી કુલ રોકડા નાણા રૂ. ૧૦,૩૨૦/- તથા ગંજીપાના નંગ- ૫૨ કિ.રૂ. ૦૦/૦૦ મળી કુલ કિ. રૂ. ૧૦,૩૨૦/- ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન આરોપીઓ નં. ૧ થી ૫ નાઓ મળી આવી પકડાઈ જઈ આરોપી નં. ૬ નાઓ પાછળથી તપાસ દરમ્યાન જુગાર રમડતા મળી આવી પકડાઇ ગયેલ જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આપતાં તે અંગે કૃષ્ણનગર પો.સ્ટે. સે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧ ૦૭૮૧-૨૦૨૧ થી જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિકારીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીઓને સંમશ કાઢતાં બજી જતાં આરોપીનાઓ હાજર થયેલ આરોપીઓ ને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં ટ્રાયલ શરૂ થતાં પહેલા પોતે ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

**- કા ર ણો -**

(૩) આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીઓ એ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીઓ એ ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો Criminal Appeal No.918 of 1990 with Criminal Misc. Application No. 2016 of 1991 In Criminal Appeal No. 918 of 1990 વંચાણે લેતાં તેમાં ઓછામાં ઓછી સજાના ગુનામાં પણ કારણોની નોંધ કરીને ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરી શકે તેવી કોર્ટને સત્તા રહેલ હોવાનું ઠરાવેલ છે, જેમાં ચર્ચા કરેલ છે કે, In the instant, case the original accused are charged with the offence punishable under Section 4 and 5 of the Act. Section 4 of the Act, for the first offence, provides minimum punishment of imprisonment for three months and fine not less than five hundred rupees, whereas, Section 5 of the Act, for the first offence, provides minimum punishment of imprisonment for two months and fine not less than five hundred rupees. Admittedly, there is no material on record to show that the accused, herein, were arraigned as accused for similar offence or for that matter any other offence in the past. Hence, they are liable to be awarded minimum punishment, prescribed under bothe the sections. However, at the same tie, it is to be kept in mind that the accused

Nos. 2 to 5 were young boys, at the time of the alleged offence, which took place as back as in the year 1990. In other words, almost 24 years have elapsed from the date of the alleged offence and by this time, they must have been settled in their respective lives. Further, the accused were arrested and presented before the Court on 04.09.1990 and on the very same day, they pleaded guilty and were imposed the punishment, as referred to in Paragraph-1, herein above. In that view of the matter, if, the matter is remanded for trial afresh, by following the ration laid down by this Court in the Judgments, as above, same would cause undue harassment and hardship not only to the accused, but their family members as well.જે ધ્યાને લઈ આરોપીઓ ને જુગાર પ્રતિબંધક ધારાની કલમ- ૪,૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. આ કામે આરોપીનો પ્રથમ ગુનો છે. તે જોતાં, આરોપીને કાયદામાં સુચવેલ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવેતો તેથી ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે.આથી ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

**- હુ ક મ -**

(૧) આરોપીઓને ક્રિ. પ્રોસી. કોડની કલમ – ૨૫૫ (૨) તળે જુગાર પ્રતિબંધક ધારાની કલમ- ૪,૫ મુજબના ગુના ગુનામાં તકસીરવાન ઠરાવીને પ્રત્યેક આરોપીને રૂ૧૦૦૦– નો (અંકે રૂ. એક હજાર પુરા ) કુલ રૂ. ૬૦૦૦/– (અંકે રૂ. છ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરેતો દિન–૫ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવા તથા બાકીના મુદ્દામાલનો નાશ કરવો. ગંજીપાના વિ. નો અપીલ સમય વિત્યે નાશ કરવો

હુકમ આજરોજ તા. ૨૬/૦૬/૨૦૨૨ ના રોજ માં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date. 26/06/2022**
**Place:SPECIAL SITTING AHMEDABAD**

**(MR.SANJAY BABULAL SHAH)**
**GJ-00755**
**ADDI.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**